કોરોના વાઇરસના વધતા જતા કેસો અને વિદેશી ભંડોળના ભારે પ્રવાહના પગલે શેરબજારમાં અફરાતફરી : છ સત્રમાં બજાર સતત ઘટ્યું

શેરબજાર તૂટતાં રોકાણકારોના ૧૧ લાખ કરોડનું ધોવાણ

સેન્સેક્સમાં ૧૧૦૦ અને નિફ્ટીમાં ૩૨૬ પોઈન્ટનું ભારે ગાબડું, બજારના ક્લોઝિંગ સેશનમાં સેન્સેક્સમાં લગભગ ૨૭૫૦ પોઇન્ટનું મોટું ગાબડું

નવી દિલ્હી, તા. ૨૪

વૈશ્વિક શેરોમાં તીવ્ર વેચવાલી, કોવિડ -૧૯ ના વધતા જતા કેસો અને વિદેશી ભંડોળના ભારે પ્રવાહના પગલે શેરબજારમાં અફરાતફરી મચી ગઈ છે. છેલ્લા છ સત્રમાં બજાર સતત ઘટ્યું છે અને આને લીધે રોકાણકારોના ૧૧ લાખ કરોડ રૂપિયાની વધુ ડૂબી ગયા છે. આ ૨ ટ્રેડિંગ સેશન-સત્રમાં બીએસઈ સેન્સેક્સ લગભગ ૨૭૫૦ પોઈન્ટ એટલે કે ૭.૩ ગુટ્યો છે. ગુરુવારે, તે ૧૧૦૦ પોઈન્ટથી નીચે ઘટીને ૩૬,૫૫૩ ની સપાટીએ બંધ રહ્યો હતો. નબળા માર્કેટ સેન્ટિમેન્ટને કારણે બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલ ઘટીને રૂ.૧૮૮.૮૫ લાખ કરોડ થયું છે, જે ૧૬ સપ્ટેમ્બરના રોજ રૂ. ૧૯૦.૦૮ લાખ કરોડ હતું. આઈઆઈએફએલ સિક્યોરિટીઝના હેડ ઓફ રિસર્ચ અભિમન્યુ સોકાટે જણાવ્યું હતું કે, "બજાર વધુ નીચે આવી શકે છે. સ્ટાઇલેન્ડ અને બ્રિટને કહ્યું છે કે તેઓ લોકડાઉન કરવાનું વિચારી રહ્યા છે. એવી આશંકાઓ છે કે પણ વધુ દેશો લોકડાઉન લાદી શકે છે. આને કારણે બજારમાં ગભરાટનો માહોલ છે. બીએસઈનો ૩૦ શેરોવાળા પ્રમુખ સેન્સેક્સ ૧૧૧૪.૮૨ પોઈન્ટ એટલે કે ૨.૯૬ ટકા તૂટીને ૩૬,૫૫૩.૬૦ પર બંધ થયો છે. એનએસઈ નિફ્ટી પણ ૩૨૬.૩૦ એટલે કે ૨.૯૩ ટકાના ઘટાડા સાથે, ૧૦૮૦૫.૫૫ ની સપાટીએ બંધ રહ્યો હતો. હિન્દુસ્તાન યુનિલિવર સિવાય, સેન્સેક્સના તમામ શેરમાં ઘટાડો થયો છે. ઈન્ડસઈન્ડ બેંકમાં સૌથી વધુ ૭ ટકાનો ઘટાડો થયો છે. બજાજ ફાઈનાન્સ, એમએંડએમ, ટેક મહિન્દ્રા, ટીસીએસ અને ટાટા સ્ટીલ સૌથી વધુ ઘટાડામાં હતા.

નિફ્ટીની ૬૯ કંપનીઓના રોકાણકારોએ છેલ્લા ૬ સત્રોમાં નાણાં ગુમાવ્યા છે. ઈન્ડસઈન્ડ બેંક, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ અને ભારતી ઈન્ફ્રાટેલ અનુક્રમે ૨૧ ટકા,

૧૯ ટકા, ૧૫ ટકા અને ૧૪.૨૦ ટકા ઘટાડો આવ્યો છે. બીજા તરફ, ફક્ત ડો. રેડ્ડીના શેરમાં ૯.૩૦ ટકાની તેજી આવી છે.

વેપારીઓએ જણાવ્યું હતું કે અર્થવ્યવસ્થાને પુનઃજીવિત થવાની ચિંતા અને કેન્દ્રીય બેંકો તરફથી નવા પ્રોત્સાહનોના અભાવને લીધે વૈશ્વિક બજારોમાં વેચવાલીનો સિલસિલો શરૂ થયો હતો.. આ સિવાય અનેક અર્થવ્યવસ્થાઓમાં કોવિડ -૧૯ ના બીજા રાઉન્ડની સંભાવનાથી ઈન્વેસ્ટર્સ વિદેશી વિનિમય બજારમાં રૂપિયો ૩૨ પૈસા તૂટીને ૭૩.૯૯ રૂપિયા પ્રતિ ડોલર પર બંધ રહ્યો છે. દરમિયાન, વૈશ્વિક બેંચમાર્ક બ્રેન્ટ ક્રુડ તેલ ૦.૨૨ ટકા તૂટીને ૪૧.૧૯ ડોલરના સ્તરે સ્થિર થયું છે.સ્થાનિક શેરબજારમાં વેચવાલી અને વિદેશી ભંડોળના ઉપાડથી રોકાણકારોની ભાવનાને અસર થઈ, ગુરુવારે ડોલર સામે રૂપિયો ૩૨ પૈસા તૂટીને ૭૩.૯૯ (ક્રામચલાઉ) ની સપાટીએ બંધ રહ્યો. ઈન્ટરબેંક વિદેશી વિનિમય બજારમાં ડોલર સામે રૂપિયો નબળો પડીને ૭૩.૮૨ ની સપાટીએ રહ્યો હતો અને અંતે રૂપિયો ૩૨ પૈસા તૂટીને અગાઉના બંધની તુલનાએ ૭૩.૯૯ ની સપાટીએ બંધ રહ્યો હતો. બુધવારે ડોલર સામે રૂપિયો એક પૈસા વધીને ૭૩.૫૭ ની સપાટીએ બંધ રહ્યો હતો. દિવસના કારોબાર દરમિયાન રૂપિયો ૭૩.૭૫ ની ઊંચી સપાટી અને ૭૩..૯૬ ની નીચી સપાટીએ જોવા મળ્યો છે. કોરોનાને વેપારીઓએ જણાવ્યું હતું કે છ મોટા વૈશ્વિક ચલણ સામે ડોલરની સ્થિતિ દર્શાવતો ડોલર ઈન્ડેક્સ ૦.૦૪ ટકા વધીને ૯૪.૪૨ થયો છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ બુધવારે ૩,૯૧૨.૪૪ કરોડ રૂપિયાના ચોખ્ખા શેર વેચ્યા હતા. વૈશ્વિક બેંચમાર્ક બ્રેન્ટ ક્રુડ ઓઈલ વાયદો ૦.૩૩ ટકા ઘટીને ૪૧.૪૫ ડોલર પ્રતિ બેરલ રહ્યો છે.

દયાપરમાં પ્રાંત અધિકારી અને ટ્રસ્ટીઓની બેઠકમાં કોરોનાના લઇને મંદિર બંધ રાખવા નિર્ણય

ઈતિહાસમાં પ્રથમવાર આસો નવરાત્રિમાં માતાના મઢનું મંદિર ભાવિકો માટે બંધ રહેશે

૧૩ થી ૨૫ ઓક્ટોબર મંદિરના કપાટ બંધ રહેશે :ઘટ સ્થાપન સહિતની વિધિઓ રાબેતા મુજબ થશે

ભુજ,તા.૨૪

દયાપર ખાતે યોજાયેલી પ્રાંત અધિકારી અને જાગીરના ટ્રસ્ટીઓની બેઠકમાં કોરોનાના સંક્રમણને લઈને ભક્તનો માટે મંદિર બંધ રાખવા કરવામાં આવ્યું હતું.

દૂંઢ સમયમાં આ અંગેનું જાહેરનામું પણ બહાર પડવામાં આવશે.આધ્યાત્મિકની ઉપાસના માટે અનોખું મહત્વ ધરાવતા આથિની નોરતાનો આદેવ થાય તે પૂર્વે જ ભાવિકોનું ખોડાપુર માતાના મઢમાં ઉમટે છે વરવરતિર દરમિયાન પણ ૭ લાખ લોકો દેશદેશી આશ્રાપુરા માતાજીના મરણોમાં માથું ટેકવવા આવે છે પણ હાવે જો બીજા એકદી

થાય તો કોરોનાનું સંક્રમણ વ્યાપક રીતે ફેલાય તેવી દહેશત હોય દયાપર ખાતે લખપત-નખત્રાણાના પ્રાંત અધિકારી પ્રવીણસિંહ જેઠાવતે બોલાવેલી બેઠકમાં ઉપસ્થિતોના અભિપ્રાય લેવાયા હતા જેમાં માતાના મઢ જાગીરના ટ્રસ્ટી પ્રવીણસિંહ વાઢેર, ખેંગારજી જાડેજા અને સરપંચ સુરેન્દ્રસિંહ જાડેજા સહિતના અગ્રણીઓએ નવરાત્રિ પૂર્વે જ માણિયાથી શરૂ થતા સેવા કેમ્પને મંજૂરી ન આપવા તેમજ કોવિડના ફેલાવાને રોકવા આગામી ૧૬મી ઓક્ટોબરથી શરૂ થતા નવરાત્રિ ઉત્સવના બે-ત્રણ દિવસ પહેલાં જ મંદિર દર્શનાર્થીઓ માટે બંધ રાખવા સૂચવ્યું હતું. તા. ૧૩થી ૨૫/૧૦ સુધી મંદિરને આવિકોના દર્શન માટે બંધ રાખવા નિર્ણય લેવાયો હતો. આ અંગેનું જાહેરનામું વહેલી તકે બહાર પડાશે તેમ પ્રાંત અધિકારીએ જણાવ્યું હતું. આ બેઠકમાં લખપતના મામલતદાર એ. એમ. સોલંકી, તાલુકા હેલ્થ ઓફિસર ડો. રોશિત બીલ, પીએસઆઈ ચેલોત, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ વિક્રમસિંહ સોઢા, તલાટી અશ્વિનભાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતી મહિના પ્રમાણે ભાદ્ર, ચૈત્ર, અષાઢ અને આસો માસમાં નવરાત્રિ ઉજવાય છે જે પૈકી ચૈત્ર અને આસો નોરતાંનું મહત્વ વધારે હોય છે.

૨૦૨૧માં ૩.૯ ટકાની રિકવરી જોવા મળશે

ભારતનું અર્થતંત્ર ૨૦૨૦માં ૫.૪ ટકા ગબડશે: યુએન



યુએન,તા.૨૪

કોરોના મહામારીને કારણે ભારતનું અર્થતંત્ર ૨૦૨૦માં ૫.૪ ટકા ગબડશે, એમ સંયુક્ત રાષ્ટ્રસંઘે જણાવતા ચેતવણી આપી હતી કે આની આડઅસર આગામી વર્ષે પણ જોવા મળશે તથા આ પડાનીને કારણે લોકોને ફ્રાયબી ઘોરણે આવક ગુમાવવાનો વારો આવશે.

યુએન કોન્ફરન્સ ફ્રાર ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (યુએનસીટીએડી) પર તૈયાર કરવામાં આવેલા ધ ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ રિપોર્ટ, ૨૦૨૦માં જણાવવામાં આવ્યું હતું કે કોરોના મહામારીને કારણે હજી સુધી સ્થિતિ કાબૂમાં ન આવવાને કારણે વિશ્વનું અર્થતંત્ર મંદીનો સામનો કરી રહ્યું છે.

વૈશ્વિક અર્થતંત્ર ચાલુ વર્ષે ઓઝાથે ૪.૩ ટકા ગબડશે તથા વર્ષના અંત સુધી વૈશ્વિક ઉત્પાદનમાં છ ટ્રિલિયન ડોલર કરતા ઓછું હશે જેનો અંદાજ કોરોના વાઈરસ ફેલાવાના પહેલા જ અર્થશાસ્ત્રીઓએ લગાવ્યો હતો.

ટૂંકમાં ઝાઝિબ, ભારત અને મેક્સિકોનું અર્થતંત્ર સંપૂર્ણ રીતે પોવાઈ જવાને કારણે તેની અસર વૈશ્વિક અર્થતંત્ર પર પડશે. ઘરેલું કાર્યસ્તરમાં ઘટાડો થવાને કારણે આંતરરાષ્ટ્રીય અર્થતંત્રમાં ઘટાડો થશે, વેપાર ચાલુ વર્ષે વીસ ટકાનો ઘટાડો થશે. વિદેશી રોકાણમાં ૪૦ ટકાનો ઘટાડો થશે અને રેમિટન્સમાં ૧૦૦ અબજ ડોલર કરતા વધુનો ઘટાડો થશે.

ઈતિહાસમાં પ્રથમવાર આસો નવરાત્રિમાં માતાના મઢનું મંદિર ભાવિકો માટે બંધ રહેશે

૧૩ થી ૨૫ ઓક્ટોબર મંદિરના કપાટ બંધ રહેશે :ઘટ સ્થાપન સહિતની વિધિઓ રાબેતા મુજબ થશે

ભુજ,તા.૨૪

દયાપર ખાતે યોજાયેલી પ્રાંત અધિકારી અને જાગીરના ટ્રસ્ટીઓની બેઠકમાં કોરોનાના સંક્રમણને લઈને ભક્તનો માટે મંદિર બંધ રાખવા કરવામાં આવ્યું હતું.

દૂંઢ સમયમાં આ અંગેનું જાહેરનામું પણ બહાર પડવામાં આવશે.આધ્યાત્મિકની ઉપાસના માટે અનોખું મહત્વ ધરાવતા આથિની નોરતાનો આદેવ થાય તે પૂર્વે જ ભાવિકોનું ખોડાપુર માતાના મઢમાં ઉમટે છે વરવરતિર દરમિયાન પણ ૭ લાખ લોકો દેશદેશી આશ્રાપુરા માતાજીના મરણોમાં માથું ટેકવવા આવે છે પણ હાવે જો બીજા એકદી

થાય તો કોરોનાનું સંક્રમણ વ્યાપક રીતે ફેલાય તેવી દહેશત હોય દયાપર ખાતે લખપત-નખત્રાણાના પ્રાંત અધિકારી પ્રવીણસિંહ જેઠાવતે બોલાવેલી બેઠકમાં ઉપસ્થિતોના અભિપ્રાય લેવાયા હતા જેમાં માતાના મઢ જાગીરના ટ્રસ્ટી પ્રવીણસિંહ વાઢેર, ખેંગારજી જાડેજા અને સરપંચ સુરેન્દ્રસિંહ જાડેજા સહિતના અગ્રણીઓએ નવરાત્રિ પૂર્વે જ માણિયાથી શરૂ થતા સેવા કેમ્પને મંજૂરી ન આપવા તેમજ કોવિડના ફેલાવાને રોકવા આગામી ૧૬મી ઓક્ટોબરથી શરૂ થતા નવરાત્રિ ઉત્સવના બે-ત્રણ દિવસ પહેલાં જ મંદિર દર્શનાર્થીઓ માટે બંધ રાખવા સૂચવ્યું હતું. તા. ૧૩થી ૨૫/૧૦ સુધી મંદિરને આવિકોના દર્શન માટે બંધ રાખવા નિર્ણય લેવાયો હતો. આ અંગેનું જાહેરનામું વહેલી તકે બહાર પડાશે તેમ પ્રાંત અધિકારીએ જણાવ્યું હતું. આ બેઠકમાં લખપતના મામલતદાર એ. એમ. સોલંકી, તાલુકા હેલ્થ ઓફિસર ડો. રોશિત બીલ, પીએસઆઈ ચેલોત, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ વિક્રમસિંહ સોઢા, તલાટી અશ્વિનભાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતી મહિના પ્રમાણે ભાદ્ર, ચૈત્ર, અષાઢ અને આસો માસમાં નવરાત્રિ ઉજવાય છે જે પૈકી ચૈત્ર અને આસો નોરતાંનું મહત્વ વધારે હોય છે.

૨૩ વ્યક્તિ પાસેથી ૨૩ હજારનો દંડ વસુલ કરાયો

જાહેરનામાના ભંગ બદલ ટી-સ્ટૉલ સહિત ૭ દુકાનો સીલ: ૨૩ હજારનો દંડ વસૂલાયો

રાજકોટ,તા.૨૪

ગુરૂવારે ફરજિયાત માસ્ક અંગેના જાહેરનામાંનો ભંગ કરવા બદલ ૨૩ વ્યક્તિ પાસેથી રૂપિયા ૨૩ હજારનો દંડ વસુલ કરવામાં આવેલો અને કાલાવડ રોડ પર સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કરવા બદલ ૭ દુકાનો સીલ કરી છે, સીલ કરવામાં આવેલી શોપમાં કાલાવડ રોડની ખેતલા આશા ટી સ્ટોલ, આશાપુરા પાન સ્ટોલ, સુપરસ્થામ ટીશીર્ટસ પાન સ્ટોલ, નીલકંઠ પાન સ્ટોલ, શ્રી શક્તિ ટી સ્ટોલ, આઈશી ખોડિયાર હોટલ અને આઈશી ખોડિયાર પાન સ્ટોલનો સમાવેશ થાય છે તેમ ખુનિ, કમિશનર ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું, સરકાર દ્વારા કેટલીક સરતો સાથે લોકોને ધોતાનો વ્યવસાય ચાલુ કરવા છૂટ આપવામાં આવેલી છે, લોકોએ સામાજિક અંતર રાખવું, માસ્ક ફર્ઝિયું જેવા નિયમોનું પાલન કરવું આવશ્યક છે. શહેરમાં સોશિયલ ડિસ્ટન્સનો અને ફરજિયાત માસ્ક અંગેના ભંગ કરના ધંધાર્થીઓ અને લોકો સામે રાજકોટ પાલિકા દ્વારા કડક અને દંડ વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરેલી છે, શહેરના જે-જે સ્થળોને સોશિયલ ડિસ્ટન્સનો ભંગ થાય છે તેવા સ્થળોને દંડ અથવા સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે, તેમજ માસ્ક વિના જાહેરમાં ફરતા લોકો સામે પણ દંડ વસુલ કરવાની કામગીરી કરવામાં આવે છે.

કચ્છમાં ખેડૂત પાસેથી ૧૨ હજારની લાંચ લેતા અધિકારી ઝડપાયો

કચ્છ,તા.૨૪

સરકારે કિસાન સહાય પેકેજની જાહેરાત કરી છે. રાજ્યના ખેડૂતો વરસાદ બાદ થયેલા નુકસાનના વળતર માટેની રાહ જોઈ રહ્યાં છે. કચ્છમાં ખેડૂત પાસેથી ૧૨,૦૦૦ની લાંચ લેતા આગ્રણ ખેતીવાડી વિભાગનો અધિકારી ACB-ના હાથે લાંચ લેતા ઝડપાયો હતો.

ખેડૂતે સરકારી યોજનાના લાભ માટે કરેલી સહાય મંજૂર થઈ હતી. જેની અવેજમાં આગણાત ખેતીવાડી વિભાગમાં ફરજ બજાવતા હર્ષદ કલજરીયાએ તેમની પાસે ૧૨,૦૦૦ રૂપીયા લાંચની માંગણી કરી હતી. ખેડૂતે આ અંગે ACB માં જાણ કરતા બુધ ACB એ છટકું ગોઠવી રૂપિયા૧૨,૦૦૦ ની લાંચ લેતા તેને ઝડપી પાડ્યો હતો.આ કાર્યવાહી વિભાગમાં હળોમરકારી વિભાગમાં કટકીનો કિસ્સો સામે આવતા કચ્છમાં લાંચીયા અધિકારીની ચર્ચાસ્પદ બન્યો છે.

અરજદારની જમીન બિનખેતી કરવા માટે લાંચ માંગવામાં આવી હતી

જૂનાગઢમાં નાયબ મામલતદાર લાંચ લેતાં ઝડપાયા

જૂનાગઢ,તા.૨૪

જૂનાગઢ કલેક્ટર કચેરીની જમીન શાખાના નાયબ મામલતદાર લાંચ લેતાં ઝડપાયા છે. અરજદારની જમીન બિનખેતી કરવા લાંચ માંગવામાં આવી હતી. અરજદારની ACBમાં ફરીયાદને અંતે ACB ગોઠવતાં નાયબ મામલતદાર ઝડપાઈ ગયા હતા. નાયબ મામલતદાર પાસેથી ACBને લાંચની એક લાખની રકમ મળી આવી હતી. લાંચની રકમ ઉપરાંત અન્ય રકમ પણ મળી આવી હતી જેમ લઈને ACBએ વધુ તપાસ હાથ ધરી છે.નાયબ મામલતદાર સાથે ક્લાર્કસરની કાર્યવાહી હાથ ધરી છે.એક નાગરીકે ACBમાં ફરીયાદ



કરી કે તેને પોતાની માલિકીની જમીન પર ઘંધો કરવા માટે કારખાનું કરવું હોય અને અન્ય કોમર્શિયલ ઉપયોગ કરવાનો હોય તે બિનખેતી કરાવવા ઓનલાઈન અરજી કરી હતી. જે બાબતે કલેક્ટર કચેરીની જમીન શાખાના નાયબ મામલતદાર વર્ષ ૩૭ કર્મચારી જગદીશભાઈ ગોપાલભાઈ મકવાણા સાથે રૂબરૂ મુલાકાત કરી હતી અને તેણે ચોરસ મીટર દીઠ રૂપીયા ૩૦ લેખે વસીલ કરવો પડશે તેમ જણાવીને લાંચ માંગવામાં આવી હતી. ૩૦ રૂપીયા ચોરસ મીટર દીઠ બિનખેતી કરવાની કુલ જમીન માટે રૂપીયા ૩.૦૦ લાખની રકમ લાંચ પેટે આપવાની હતી, જેમાં એક લાખ એડવાન્સ અને બે લાખ કામ પતી ગયા પછી આપવાનું નક્કી થયું હતું.આ અંગે અરજદાર ACB માં ફરીયાદ કરતાં ACB ના મદદનીશ નિયામક શી.એલ. દેસાઈના સુપરવિઝનમાં પી.આઈ. એમ.એ.વાઘેલા ઝાલિયા સ્ટાફ દ્વારા ટ્રેપ ગોઠવી હતી.

CHANGE OF NAME

I Have Changed My Name From MAHAMADATIK SALIMMIYA KHATRI to MOHMMED ATIK SALIMBHAI KHARTI

ADD: 96, Kirwaja Bagar, Ajwa Road, Vododara.

છેલ્લા ખત્નું અપડેશન

કપાડિયા...

જોકે ત્યારબાદ કેક્ટરીમાં ચોરીનો પ્રયાસ કરવાના મુદે સરપંચ મુકેશ સાથે અણબનાવ થતા સરપંચ અને તલાટીએ કેક્ટરીમાલિકને ગુનામાં ફસાવવા માટે વડોદરાના કુબેરભુવન ખાતે આવેલી સંયુક્ત નિયામક સલામતિ અને સ્વાસ્થ્ય વડોદરા ઝોનલ કચેરીમાં અરજી કરી હતી કે કેક્ટરીમાલિકે ખોટી રજા ચિઠ્ઠી બનાવી છે. જોકે આ અરજીની તપાસમાં ખુલ્યું હતું કે અવાવલ ગામના સરપંચ અને તલાટી ક્રમ મંત્રીએ જ રાજયસેવકના હોદાનો દુરપયોગ કરી જાતે જ પોતાના હોદ્દાના ઠિક્કા મારીને ગ્રાહીઓ કરી હતી અને તેનો ૨૦૧૧ અને ૨૦૧૨ના ઠરાવ બુકમાં રજા ચિઠ્ઠી આપવાનો ઠરાવ કર્યો નહોતો. સરપંચ અને તલાટી ક્રમ મંત્રીએ જ નેરીરીની આચરી હોવાનું સપાટી પર આવતા કેક્ટરીમાલિકે આ બંને સામે શિનોર પોલીસ મથકમાં કરિયાદ નોંધાવતા પોલીસે સરપંચ અને તલાટી સામે ગુનો નોંધી તેઓની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

કરજણ...

જમ્મિને સ્ટાર હોટલમાં લોજોઈ હોઈ એનો ભારે વિરોધ ઉઠવા પામ્યો હતો. આખરે આ સભાનો ખર્ચ જિલ્લા પ્રમુખ, ઉપપ્રમુખ અને આજે બીજા જેમનો જન્મદિવસ હતો એવા આરોગ્ય સમિતિના અધ્યક્ષ વચ્ચે વહેંચી દઈને બિલની ચુકવણી કરવામાં આવશે. એવી સ્પષ્ટતા જિલ્લા ઉપપ્રમુખ દ્વારા કરવામાં આવી હતી. તેમજ જિલ્લા વિકાસ અધિકારી ઝવેરીએ પણ આ વાતનું સમર્થન કર્યું હતું.

આ સભામાં ૧૬ કામો એજન્ડા પર લેવામાં આવ્યા હતા. જે પૈકી એક કામને બાદી રાખવા તમામ કામોને મંજૂરીની મહોર મારવામાં આવી છે. આ કામોમાં સત્તાધીશો દ્વારા જિલ્લા વિકાસ અધિકારી સાથે હાથ મિલાવીને વર્ષ ૨૦૨૦-૨૧ના મુળ અંદાજપત્રમાં સુધારો લાવવાનું જે કામ લાવવામાં આવ્યું હતું, એનો કોંગ્રેસના સભ્યોએ ભારે વિરોધ કર્યો હતો. જેને લઈને આ કામની ચર્ચા મુલતવી રખાઈ હતી. આજની સભામાં જિલ્લાના વિવિધ વિભાગો દ્વારા પોતાના વિભાગની ક્રામગીરીનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત જિલ્લાની જે જે શાળાઓના મકાનો જર્જરિત થઈ ગયા છે. એને ઉતારવા બાબતનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સભામાં રેની, ફંડર, સ્ટેમ ડ્યુટીના કામો, પ્રાથમિક,વાલિવડી, સુથારા-વણારના કામો બાબતે સભ્યોને એની માહિતી ન અપાતા ઉહાપોહ મચાવ્યો હતો. તેમજ આમાં કીબાંડ કર્યાના આક્ષેપો એક તબક્કે કરાયા હતા. આખરે ચાલુ સભામાં ચાદી અપાતા કામને બહાલી આપવા સભ્યો સક્રમત થયા હતા. એકંદરે આજની સભા ભારે ગરમાગરમ બની રહી હતી. પરંતુ પ્રમુખ ખુરશી બચાવવામાં સફળ રહેવા પામ્યા છે.

નેત્રંગ...

પેટ્રોલિંગમાં નીકળેલ પીએસઆઈ એ.ડી.મર્ડત અને .પીએસઆઈ કે.એમ. પટેલને તપાસ કરી કાર્યવાહી કરવા માટે સુચના આપી હતી, જેના આધારે પેટ્રોલિંગ ટીમે સ્ટાફની મદદ લઈને દરોડો પાડ્યો હતો. પીસીબીની ટીમે મહાબલીપુરમ એપાર્ટમેન્ટની જી-૧૩૪ મુસ્કાન કલેકશન ટેલર્સ નામની દુકાન બહાર ઓઈપીએલ ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમાડી રહેલા મુનાફ હબીબ મમણ (રહે. જી/૧૩૪, મહાબલીપુરમ્, તાંદલજા), કુસેઈ કઝલ અબ્બાસ રામપુરવાળા (રહે. ૧૧, આસીમ બંગલોઝ, તાહીરા પાર્ક, તાંદલજા) અને સદામહુસેન સાદીકઅલી સૈયદ (રહે. એ/૪૦, નૂરઝા પાર્ક, તાંદલજા)ને ઝડપી પાડ્યા હતા, જ્યારે ભાવેશ બિપીનભાઈ વ્યાસ (રહે. વિસ્તરનગર) અને કરણ (રહે. અમદાવાદ)ને વોન્ટેડ જાહેર કરી તેઓની ધરપકડનાં ચક્રો ગતિમાન કર્યા હતા. પીઆઈએ વધુમાં જણાવ્યું હતું કે, વડોદરાના સરદેરિયાઓ વિસનગરના બુકી ભાવેશ વ્યાસ અને અમદાવાદના કરણ સાથે મળીને લક્કી રમતા હતા. પોલીસે દરોડા દરમિયાન રોકડ રૂા.૧૭,૧૩૦, ત્રણ મોબાઈલ ફોન અને ડિસ્પ્લેની સ્ક્રીનો મુદ્રિત રૂા.૩૭,૧૩૦નો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ પરી છે. આ બનાવ અંગેની ફરિયાદ જે.પી.રોડ પોલીસ મથકમાં નોંધાતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ પરી છે. અને ઉલ્લેખનીય છે કે, આઈપીએલ ક્રિકેટ મેચ શરૂ થતાંની સાથે જ શહેરમાં ઠેર ઠેર ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમાઈ રહ્યો છે. કેટલાક સટ્ટોડિયાઓ ખેલાડીઓ નક્કી કરીને સટ્ટો રમી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

જોઈએ છે(લઘુમતિ શાળા)

સુરત એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત સુરત ઉર્દુસ્કૂલ, ઉધનાદરવાજા, અમદાવાદ (અલ્પસંખ્યક લઘુમતિ શાળા) માટે અરજીઓ આવી જવા બદલ અને હોલ ટીકીટ ડાઉનલોડ કરવામાં ટેકનિકલ ખામીઓ હોવાથી ઉર્દુ ભાષાની અરજીઓ મંગાવવામાં આવે છે.

ક્રમ	જરૂરિયાત સંખ્યા	જોગવાઈની કક્ષા	વયમર્યાદા
૧	૧ (અનામત)	શિક્ષિત/અશિક્ષિત ધો-૧૦ તા.૧૬-૧૦-૨૦૨૦	૪૫(૫) શિક્ષિત ઉમરથી

(૧) ઉપર દુ જરૂરિયાતની જાહેરાત સામે ઉર્દુની ડિગ્રી ધરાવતા ઉમેદવાર અગત્યનો ગણાશે.
(૨) ઉમરની ગણતરી ૧૬-૧૦-૨૦૨૦ ગણવામાં આવશે.
(૩) અનામત ક્રમની અનુસૂચિજાતિ ૧૩માંથી ઉર્દુની જુગલબંદી હોવાથી ઉર્દુ ભાષાના ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે.
(૪) સુરતના સરકારમાન્ય T.A.T. અધ્યાપક કરતાં ઓછા ઠરાવેલ ધોરણ ૨૦૧૦/પ્રા.શિ/૧૧૩૬/પ્રા-૧-૧૦૧૩માં લઘુમતિ સંસ્થાઓને T.A.T. અધ્યાપક કરતાં લઘુમતિ સંસ્થાઓને પૂરતું સુરતના ઠરાવેલ ધોરણે ૧૮ કલાક કે. એવી સંસ્થાના હોય તા સુરતની પરવાનગી લઘુમતિ સંસ્થાઓ પોતાના પૂર્વ ઠરાવની શરતે જ પૂર્વ ઠરાવની શરતે.
(૫) ઉપર પરવાનગી ઠેકાણેક સરકાર દ્વારાના ઉમેદવારોને સહકારમાંથી અગત્યનું ઠરાવી તથા સરકારમાન્ય તથા સેમ નગરી પ્રાપ્તિત કરેલ પ્રમાણપત્રોની નકલ આપેલ કરી દિન-૧૦માં ઓફીસ ખાતેથી રૂબરૂ એ.એ.ડી.ડી. દ્વારા કરવાની રહેશે.
(૬) સુરતના સરકારની શિક્ષણ વિભાગના તા.૧૩-૧૦-૧૯૮૬ના ઠરાવ મુજબ તા.૩૧-૩-૧૯૮૬ની સેવાકાળ ધરાવતા શિક્ષકોની ભરતી કરવાની રહેશે.
(૭) સુરતના સરકારની શિક્ષણ વિભાગના તા.૧૩-૧૦-૧૯૮૬ના ઠરાવ મુજબ તા.૩૧-૩-૧૯૮૬ની સેવાકાળ ધરાવતા શિક્ષકોની ભરતી કરવાની રહેશે.
(૮) સુરતના સરકારની શિક્ષણ વિભાગના તા.૧૩-૧૦-૧૯૮૬ના ઠરાવ મુજબ તા.૩૧-૩-૧૯૮૬ની સેવાકાળ ધરાવતા શિક્ષકોની ભરતી કરવાની રહેશે.
(૯) સુરતના સરકારની શિક્ષણ વિભાગના તા.૧૩-૧૦-૧૯૮૬ના ઠરાવ મુજબ તા.૩૧-૩-૧૯૮૬ની સેવાકાળ ધરાવતા શિક્ષકોની ભરતી કરવાની રહેશે.
(૧૦) સુરતના સરકારની શિક્ષણ વિભાગના તા.૧૩-૧૦-૧૯૮૬ના ઠરાવ મુજબ તા.૩૧-૩-૧૯૮૬ની સેવાકાળ ધરાવતા શિક્ષકોની ભરતી કરવાની રહેશે.
(૧૧) અધ્યાપકના ઘુમતાની વિગતોનું અલગ કરવાનું રહેશે.
(૧૨) અમદ મહીના ઠરાવ અલગ અલગ અરજીઓ કાઢવે ઠેકાણે આવશે નહીં.
(૧૩) અરજી મોકલવાનું સરનામું : સુરત એજ્યુકેશન ટ્રસ્ટ એફ.જી.૧૩૬, સીલ્વર કોમ્પલેક્ષ પાસે, ગોલ્ડન રેસ્ટોરેન્ટ સામે, ગોલ્ડન પોલ, તા.૬૩૬૧૬, ઝુ.અમદાવાદ-૩૮૦૦૧૬ ઈમેલ ઈમેલ કોલ તો અરજીની નકલ નિ.શિ.સ.સી.કોની કચેરી, અમદાવાદ ખાતે, લઘુમતી અલ્પ વસ્તુણ, અમદાવાદ અને અરજીની ચકાસણી કરેલ અરજીની ઝેરોક્ષ નકલ મોકલી રાખે છે.

સહી/- સલામ
એજ્યુકેશન ટ્રસ્ટીની
સુરત એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ.

જોઈએ છે(લઘુમતિ શાળા)

સુરત એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત સુરત ઉર્દુસ્કૂલ, ઉધનાદરવાજા, અમદાવાદ (અલ્પસંખ્યક લઘુમતિ શાળા) માટે અરજીઓ આવી જવા બદલ અને હોલ ટીકીટ ડાઉનલોડ કરવામાં ટેકનિકલ ખામીઓ હોવાથી ઉર્દુ ભાષાની અરજીઓ મંગાવવામાં આવે છે.

ક્રમ	જરૂરિયાત સંખ્યા	જોગવાઈની કક્ષા	વયમર્યાદા
૧	શિક્ષક અધ્યાપક	શિક્ષિત/અશિક્ષિત ધો.૧૦.૧૧.૧૨ તા.૧૬-૧૦-૨૦૨૦	૪૫(૫) શિક્ષિત ઉમરથી
૨	શિક્ષક અધ્યાપક	શિક્ષિત/અશિક્ષિત ધો.૧૦.૧૧.૧૨ તા.૧૬-૧૦-૨૦૨૦	૪૫(૫) શિક્ષિત ઉમરથી
૩	શિક્ષક અધ્યાપક	શિક્ષિત/અશિક્ષિત ધો.૧૦.૧૧.૧૨ તા.૧૬-૧૦-૨૦૨૦	૪૫(૫) શિક્ષિત ઉમરથી

ઉપર પરવાનગી ઠેકાણેક સરકાર દ્વારાના ઉમેદવારોને સહકારમાંથી અગત્યનું ઠ